# મત્સ્યોદ્યોગ અધિવેશન ૨૦૦૭ની કાર્યવાહી

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઈ એલ ઓ) દ્વારા ૯૬મી આંતર રાષ્ટ્રીય લેબર કોન્ફરન્સ (આઈ એલ સી.) જુન, ૨૦૦૭માં જીનીવા, સ્વીત્ઝરલેન્ડમાં યોજાયેલ જેમાં મત્સ્યોદ્યોગ અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીની એક સંક્ષિપ્ત ઝાંખી કરાવવાનો પ્રયત્ન આ માર્ગદર્શિકામાં છે. અધિવેશનના પ્રાવધાનોના અર્થઘટનો પુરા પાડવાનો અમાં ન કોઈ હેતુ છે ન તો જે તે પ્રાવધાનોના પુરક માની લેવાની કોઈ ગેરસમજ કરે. આ માર્ગદર્શિકાનો હેતુ માત્ર આઈ એલ ઓ તથા આઈ એલ સી તેમજ આ અધિવેશનથી અપરિચિત લોકોને મદદરૂપ થવાનો તેમજ જે તે સમસ્યાઓની કાંઈક સમજણ કેળવવાનો છે. ખાસ તો, એવી આશા રાખવામાં આવે છે કે આ માર્ગદર્શિકા મત્સ્યકારો તથા તેમના સંગઠનોને વિકાસશીલ દેશોના કારીગરવર્ગીય તથા લઘુ ઉદ્યોગ મત્સ્યોદ્યોગ અધિવેશનના ફલિતાર્થો તથા શકય લાભો સમજવામાં મદદરૂપ થશે.

# અનુક્રમ


૧ પ્રાસ્તાવિક
– મત્સ્યોદ્યોગ અધિવેશન,૨૦૦૭ની
કાર્યવાહી એટલે શુ? ઈઈઈ

૨ <u>આંતરરાષ્ટ્રીય મજદુર સંઘ (આઈ એલ ઓ)</u>
– આંતરરાષ્ટ્રીય મજદુર સંઘ શું છે?
– આઈ એલ ઓ શું કરે છે?
– આઈ એલ ઓ નું સંગઠન બંધારણ કેવું છે?
– આઈ એલ ઓ નું ત્રિસ્તરીય બંધારણ કેવું છે?
– મજદુર કલ્યાણ માટે આઈ એલ ઓ પાસે
કેવા સંશાધનો છે?
– આઈ એલ ઓ, એક અધિવેશન અથવા તો
પરામર્શનનું આયોજન કેવી રીતે કરે છે?

૩ <u>આઈ એલ ઓ અને મત્સ્યોદ્યોગ વિભાગ</u>
– મત્સ્યોદ્યોગ વિભાગ સાથે આઈ એલ ઓનું
કેટલું અંતર્ગ્રસ્તપણું છે?
– મત્સ્યોદ્યોગમાં નવા મજદુર નિર્ધારણો
વિકસાવવા માટે આઈ એલ ઓ એ શું કર્ય છે?

૪ <u>મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી</u>
–મત્સ્યોદ્યોગ અધિવેશન,૨૦૦૭ની કાર્યવાહીનું
ખાસ મહત્વ શું છે?
– મત્સ્યોદ્યોગ અધિવેશન,૨૦૦૭ હેઠળ મુખ્ય
જરૂરીયાતો કઈ છે?
– અધિવેશનની એવી કઈ ચોકકસ શબ્દાવલી
છે જેના થકી આ ઉદ્દેશોની પ્રાપ્તિ કરવાનું
ઈચ્છી શકાય?
– મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની
કાર્યવાહીનું માળખું કેવું છે?
– 'પ્રગતિદર્શી અમલીકરણ' અભિગમ
એટલે શું?

૫ <u>કારીગરવર્ગીય તથા લઘુઉદ્યોગકીય મત્સ્યોદ્યોગ</u>
– લઘુ–ઉદ્યોગકીય મત્સ્યોદ્યોગ માટે પણ
મજદુર ધારાધોરણની ગણના કેમ
મહત્વની છે?
– કારીગરવર્ગીય તથા લઘુઉદ્યોગ માછીમારો
તથા માછીમાર જહાજોને મત્સ્યોદ્યોગ અધિવેશન,

૨૦૦૭ની કાર્યવાહીથી શો ફાયદો થશે?
– શું મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭તી કાર્યવાહી માછીમારો તથા માછીમાર જહાજોની બધી શ્રેણીઓને આવરી લે છે?
– મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭તી કાર્યવાહી તટવર્તી મત્સ્ય પ્રવૃતિઓની સાથે સંકળાયેલા સૌને કઈ રીતે ફાયદો કરાવશે?
– મત્સ્યોકારોના તથા નાગરીક સમાજના સંગઠનો એવી કઈ પ્રવૃતીઓ કરી શકે કે જેનાથી તટવર્તીય મત્સ્યકારોને , મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી હેઠળ મત્સ્યકારોને મળતા લાભના સમપ્રમાણમાં લાભો અપાવી શકે?

૬ <u>હવે પછી</u> . . .
– મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીને અપનાવી તથા અનુમોદિત કર્યા પછી સદસ્ય રાજયો પાસે કેવી કાર્યવાહીની અપેક્ષા છે?
– શું વિકાસશીલ દેશોની મદદ માટે એવા કોઈ ખાસ પ્રાવધાનો છે કે જેનાથી મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીના પ્રાવધાનોનો અમલ થઈ શકે?
– મત્સ્યકારો તથા નાગરીક સમાજના સંગઠનો મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનું અમલીકરણ થઈ રહયુ છે તેની ખાતરી કેવી રીતે કરી શકે?

૭ <u>ઉપસંહાર</u>
– કેટલાંક સારરૂપ નિદર્શનો

# મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી એટલે શું?

મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી એટલે આંતર રાષ્ટ્રીય મજદુર સંભ (આઈ એલ ઓ) દ્વારા યોજાયેલ સરકાર, કર્મચારી તથા નોકરીદાતા પ્રતિનિધિઓના આંતરરાષ્ટ્રીય મજદુર અધિવેશન (આઈ એલ સી)માં નિયત કરવામાં આવેલ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર માટેનાં નવાં ધારાધોરણો.

અધિવેશનનો હેતુ છે "એ વાતની ખાતરી કરવાનો કે મત્સ્યમાર જહાજો પર કામ કરતી વેળા તેમની પરિસ્થિતિઓ સુચારૂ હોય "જહાજ પર નિમ્નતમ જરૂરિયાતોની સંપ્રાપ્તિ, સેવાકીય શરતો, રહેઠાણ તથા ખોરાક, વ્યાવસાયિક સુરક્ષિતતા તથા આરોગ્ય સુરક્ષા, વૈદકીય સારવાર તેમજ સામાજિક સલામતીના સંદર્ભમાં" પ્રવર્તમાન સંસાધનો દ્વારા જે મુદ્દા આવરી નહોતા લેવાયા તેમનો તેમાં સમાવેશ થાય છે. આ મુદ્દાઓમાં પ્રત્યાવાસન, નવી ભરતી કરવી, વૈદકીય સેવાનો લાભ મધદરીયે, વ્યાવસાયિક સલામતી તથા આરોગ્ય, સામાજિક સુરક્ષાની જાળવણી તથા પરિપાલન તેમજ પ્રવર્તનનો સમાવેશ થાય છે.

આ અધિવેશન મુલતઃ લક્ષિત છે એવા રાજયો પ્રત્યે જેમણે પોતાના મત્સ્યમારી જહાજો રજિસ્ટર કરાવ્યાં છે અને તેમના પર પોતાનું ન્યાયક્ષેત્ર અમલમાં મુકેલ છે – પછી ભલે તે જહાજો જયાં પણ મત્સ્યમારી માટે જતાં હોય. આ અધિવેશનમાં એવા અધિનિયમનોનું પ્રાવધાન પણ છે કે જે દરિયાકિનારાનાં રાજયો છે તથા તેમની પાસે મત્સ્યમારી જહાજો પર ન્યાયક્ષેત્રનું નિયુત્રણ છે પછી ભલે ગમે તે રાષ્ટ્રીયતાના હોય પણ તેમનું રીપોર્ટીંગ તેમના ન્યાયક્ષેત્રીય મત્સ્યમારી બંદરો પર થતું હોય.

# આંતરરાષ્ટ્રીય મજદુર સંગઠન (આઈ એલ ઓ) શું છે?

આઈ એલ ઓ એ એક એવી ખાસ એજન્સી છે જે યુનાઈટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવી છે તથા જે મજદુરોના હક્કોના આંતરરાષ્ટ્રીય ધારાધોરણોનો વિકાસ કરે છે, જેમાં કાર્યક્ષેત્રીય સ્થિતિઓ, સમાન તક, સામાજિક સલામતી, માન્યતા પ્રાપ્ત મજદુરી, સંગઠનની  સ્વતંત્રતા તથા લઘુતમ વયમર્યાદા

આઈ એલ ઓની સ્થાપના ૧૯૧૯માં, પ્રથમ વિશ્વયુધ્ધના અંતે, થઈ હતી. તેનો હેતુ હતો એક એવું સ્વપ્ન સાકાર કરવું જેનો આધાર એવું તથ્ય હોય કે વૈશ્વિક, શાશ્વત શાન્તિ ત્યારે જ પ્રસ્થાપિત કરી શકાય કે જયારે તેનો આધાર કામ કરનાર લોકોની સાથે સુચારૂ વ્યવહાર કરવામાં આવતો હોય. આઈ એલ ઓ ૧૯૪૬માં યુ એનની પ્રથમ ખાસ એજન્સી બની તથા તે વર્સિલસ સંધિનું એકમાત્ર એવું સર્જન છે કે જેનાથી રાષ્ટ્રોની લીગ (લીગ ઓફ નેશન્સ) અસ્તિત્વમાં આવી. ૧૯૬૯માં , તેના ૫૦મા સ્થાપના વર્ષે, આઈ એલ ઓને નોબેલ શાન્તિ પુરસ્કાર પ્રાપ્ત થયેલ.

આઈ એલ ઓ સમર્પિત છે : સુચારૂ તથા ઉત્પાદનક્ષમ કામગીરી હાંસલ કરવા સ્વતંત્રતા, સમાનતા, સલામતી તથા માનવીય સન્માનની ભાવનાની સ્થિતિમાં પ્રગતિશીલ તકો પુરી પાડવા. તેના મુખ્ય લક્ષ્યો છે કામગીરીના ક્ષેત્રીય હક્કો, સુચારૂ રોજગારની તકો પુરી પાડવી, સામાજિક સુરક્ષાને બઢતી આપવી તથા કામગીરી સાથે સંલગ્ન સમસ્યાઓને ઉકેલવામાં સંવાદને દૃઢ કરવો.

સામાજિક ન્યાય તથા આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત માનવ તથા મજદુર હક્કોને બઢતી આપવામાં આ સંગઠન પોતાનું પાયાનું મિશન પાર પાડવાનું ચાલુ જ રાખે છે અને તે મિશન છે : મજદુર શાન્તિ સમૃધ્ધિ માટે અતિ મહત્વની છે. આજે, આઈ એલ ઓ મદદરૂપ થાય છે સુચારૂ નોકરીઓના સર્જનમાં તથા એવા પ્રકારની આર્થિક તેમજ કાર્યદક્ષ સ્થિતિઓના સર્જનમાં આગળ ધપવામાં. આનાથી કાર્યક્ષેત્રના લોકો તથા ધંધાક્ષેત્રના લોકોને એક શાશ્વત શાંતી સમુધ્ધિ તેમજ પ્રગતિના રૂપમાં પુરસ્કાર આપે છે.

આઈ એલ ઓના સદસ્યો છે રાજયો. ૨૦ ડિસેમ્બર, ૨૦૦૭ મુજબ આઈ એલ ઓ ૧૮૧ સદસ્યો ધરાવે છે.

# આઈ એલ ઓની કાર્યવિધિ શું છે?

આઈ એલ ઓ ઘડે છે એવા આંતરરાષ્ટ્રીય મજદુર ધારાધોરણો જે અધિવેશનો તથા ભલામણોના સ્વરૂપમાં હોય તથા જેનાથી પાયાકીય મજદુર હક્કોના ન્યૂનતમ ધોરણો, સંગઠનની સ્વતંત્રતા, વ્યવસ્થાપનનો હક, સામૂહિક ભાવનિર્ધારણ, પ્રભાવી મજદુરીની નાબૂદી, તક તેમજ વ્યવહારની સમાનતા ; તેમજ તેવા બીજા ધારાધોરણો કે જેનાથી સમગ્ર કાર્ય સંલગ્ન સમસ્યાઓના ફલકની સ્થિથિઓ પર નિયંત્રણો નક્કી થાય.

ખાસ કરીને, આઈ એલ ઓ  મજદુર સ્થિતિ સુધારવા કામ કરે છે. કામના કલાકોનું નિયમન, કામદારોનું બિમારીથી રક્ષણ, નોકરીના સ્થળે ઉભી થતી રોગની તથા ઈજાની સ્થિતિ; બાળકોનું રક્ષણ, ઘડપણ તેમજ ઈજાનું રક્ષણ પુરૂં પાડવું, સ્વદેશ બહાર હક્કોનું રક્ષણ કરવું, વગેરે જેવી બાબતોનો અમાં સમાવેશ થાય છે.

આઈ એલ ઓ, પ્રાથમિક રીતે, નીચેના કાર્યક્ષેત્રોમાં તકનીકી સહાય પુરી પાડે છે.

- વ્યાવસાયિક તાલીમ તથા વ્યાવસાયિક પુનઃ સ્થાપન
- રોજગાર નીતિ
- શ્રમિક વહીવટ
- મજદુર કાયદો તથા ઔદ્યોગિક સંબંધો
- કાર્યક્ષેત્રીય સ્થિતિ
- વ્યવસ્થાપન વિકાસ
- સહકારી સંસ્થાઓ
- સામાજિક સલામતી
- શ્રમિક આંકડાશાસ્ત્ર તથા
- વ્યવસાયક્ષેત્રીય સુરક્ષા તેમજ આરોગ્ય

આઈ એલ ઓ સ્વતંત્ર એવા કામદારોના તથા નોકરીદાતાઓના સંગઠનોને ઉતેજન આપે છે. તથા તાલીમ તેમજ પરામર્શન સેવાઓ તેમને પુરી પાડે છે. યુ. એન. ની પ્રણાલીમાં રહીતે આઈ એલ ઓ એ ઉભું કર્યુ છે. એક એવું અદ્વિતીય ત્રિસ્તરીય બંધારણ કે જેમાં શ્રમિકો તથા નોકરીદાતાઓ સરકારોની સાથે સમાન દરજજાના સહયોગી તરીકે ભાગ લે અને તેના વહીવટી ભાગોના કામો નીપટાવે.

# આઈ એલ ઓનું વહીવટી માળખું કેવું છે?

આઈ એલ ઓમાં સમાવિષ્ટ છે : આંતરરાષ્ટ્રીય શ્રમિક સંમેલન(આઈ એલ સી), એક વહીવટી ઢાંચો તથા એક આંતરરાષ્ટ્રીય શ્રમિક કાર્યાલય.

આઈ એલ સી – ઘણી વખત તો તે "આંતરરાષ્ટ્રીય શ્રમિક પાર્લામેન્ટ" કહેવાય છે. દર વર્ષે જુનમાં જીનીવામાં મળે છે. બે સરકારી પ્રતિનિધિઓ, એક નોકરીદાતાઓનો પ્રતિનિધિ તથા એક કામદાર પ્રતિનિધિ એમ દરેક સદસ્ય રાજયનું પ્રતિનિધિત્વ કરે છે. આંતરરાષ્ટ્રીય શ્રમિક ધારાધોરણોનું ગઠન તેમજ સ્વીકરણ આઈ એલ સી માં થાય છે. અધિવેશનો તથા ભલામણોનું રાષ્ટ્રીય સ્તરે અમલીકરણ જોવાનું કામ પણ આઈ એલ સી કરે છે. આઈ એલ સીની બધી મીટીંગોનો એજન્ડા વહીવટી સભા (જી બી) દ્વારા નક્કી થાય છે.

આઈ એલ ઓની એકમાત્ર એકઝીકયુટીવ કાઉન્સીલ તેમજ તેની ઉચ્ચતમ નિર્ણયદાયી સભા એટલે જી બી. જી બી આંતરરાષ્ટ્રીય શ્રમિક ધારાધોરણોનાં પરિપાલન પર નિરીક્ષણ કરે છે. વર્ષમાં ત્રણ વખત જીનીવામાં તે મળે છે, આઈ એલ ઓની નીતિને આધારે નિર્ણયો કરે છે, તથા તેનો કાર્યક્રમ તથા બજેટનું પરિસ્થાપન કરીને તેના સ્વીકાર માટે આઈ એલ સીને સુપરત કરે છે. તે ડાયરેકટર – જનરલની ચુંટણી પણ કરે છે. જીબી ૫૬ વ્યકિતઓની બનેલી છે જેમાં ૨૮ સભ્યો સરકારોના પ્રતિનિધિઓ તથા ૧૪–૧૪ નોકરીદાતા તથા શ્રમિકોના પ્રતિનિધિઓ સમાવિષ્ટ હોય છે.

સરકારોના પ્રતિનિધિઓમાંથી ૧૦ની નિયુકિત આઈ એલ ઓ મેમ્બર્સ ઓફ ચીફ ઈન્ડસ્ટ્રીયલ ઈમ્પોર્ટન્સ તરીકે થાય છે. જેમાં વર્તમાનમાં બ્રાઝીલ, ચીન તેમજ ભારત જેવા વિકાસશીલ દેશોનો સમાવેશ થાય છે. આઈ એલ ઓનું ત્રિસ્તરીય માળખું મૂર્ત સ્વરૂપે છ નોકરીદાતાઓના જુથો, કામદારોના જુથો તથા સરકારોના સમાન પ્રતિનિધિત્વના સિધ્ધાંતનું આંતરરાષ્ટ્રીય શ્રમિક કાર્યાલય આઈ એલ ઓનું કાયમી સેક્રેટરીએટ છે. આઈ એલ ઓની સમગ્ર તથા પ્રવૃતિઓનું નાભીય કેન્દ્ર છે, જેનું નિર્માણ થાય છે ડાયરેકટર જનરલના નેતૃત્વ હેઠળ જીબીના પરિનિરીક્ષણ હેઠળ થાય છે. ડાયરેકટર જનરલના હોદા પર વ્યકિત દર પાંચ વર્ષે ચુંટાય છે. કાર્યાલય જીનીવાના હેડ કવાર્ટરમાં ૧૧૦ રાષ્ટ્રોના ૧૯૦૦ અધિકારીઓને કામે રાખે છે તથા ૪૦ ક્ષેત્રીય કાર્યાલયો દુનિયા ભરમાં કાર્યરત છે.

# આઈ એલ ઓનું ત્રિસ્તરીય બંધારણ કેવું છે?

આઈ એલ ઓનું નિર્ણયાત્મક બંધારણ ત્રિસ્તરીય છે અને તેમાં સરકાર, નોકરીદાતા તથા કામદાર પ્રતિનિધિઓ બધા જ પ્રભાગો તથા તેની બધી જ કાર્યવાહીઓમાં એક સમાન સ્તર પર આવે છે. આઈ એલ ઓનું ત્રિસ્તરીય બંધારણ સદસ્ય રાજયોની સરકારો, નોકરીદાતાઓની તથા શ્રમિકોના સંગઠનોને આવરી લે છે. આઈ એલ ઓનું બંધારણ દરેક સદસ્ય રાજયને આઈ એલ સીની મીટીંગોમાં એક એવું પ્રતિનિધિમંડળ લાવવાની જરૂરીયાત બતાવે છે કે જેમાં બે સરકારના પ્રતિનિધિઓ હોય, એક નોકરીદાતા પ્રતિનિધિ હોય, એક શ્રમિક પ્રતિનિધિ હોય તથા તેમના સલાહકારો સમાવિષ્ટ હોય. નોકરીદાતા તથા શ્રમિકના પ્રતિનિધિનું ચયન કરવામાં સૌથી વધુ પ્રતિનિધિનવ ધરાવતા નોકરીદાતાઓ તેમજ શ્રમિકોનાં રાષ્ટ્રીય સંગઠનનો સંપર્ક કરવામાં આવે છે. આવા યોગ્ય સંગઠનનો નિર્ણય પણ જે તે રાષ્ટ્રની સરકારો લે છે.

# શ્રમિકોની સ્થિતી સુધારવા આઈ એલ ઓ પાસે કયાં સંસાધનો છે?

શ્રમિકોની સ્થિતી સુધારવા આઈ એલ ઓ જે સંસાધનોને કામે લગાડે છે તે જ આંતરરાષ્ટ્રીય શ્રમિક અધિવેશનો તથા ભલામણોનું સ્વરૂપ ધારણ કરે છે, જેનો સ્વીકાર આઈ એલ સી દ્વારા થાય છે. તેનાથી આંતરરાષ્ટ્રીય સંમતિપ્રાપ્ત સિધ્ધાંતો તથા સામાજિક નીતિના હેતુઓ પ્રોત્સહન પામે છે તથા બધી કાર્ય–સંગત બાબતોમાં આંતરરાષ્ટ્રીય ધારાધોરણની એક પ્રણાલીનું ગઠન થાય છે. આઈ એલ ઓ અધિવેશનો આંતરરાષ્ટ્રીય સમજૂતી કરારો છે જેનો આધાર આઈ એલ ઓના સદસ્ય રાજયોના પુષ્ટીકરણ પર છે. ભલામણો એક એવું સાધન છે જેમાં કોઈ બંધનો હોતાં નથી – ઘણી વખતતો અધિવેશનો જેવા જ વિષયો તેમાં આવરી લેવાયાં હોય અને તેમાં રાષ્ટ્રીય નીતિ તથા ક્રિયાને લક્ષમાં રાખીને માર્ગદર્શક રૂપરેખાઓ નક્કી થાય છે. બન્ને સ્વરૂપોનો આશ્રય તો તે છે કે સમગ્ર વિશ્વમાં કાર્ય સ્થિતિ તથા કાર્ય પ્રણાલી પર એક સંગીન અસર પડે.

# આઈ એલ ઓ અધિવેશન કે ભલામણોનો સ્વીકાર કેવી રીતે કરે છે?

અધિવેશન કે ભલામણોનો સ્વીકાર થયા પહેલાં આઈ એલ સી એવા નિયમો બતાવે છે કે જેનાથી સમગ્ર તકનીકી તૈયારી તથા સદસ્યો સાથે પરિપૂર્ણ રીતે સલાહસૂચન થઈ જાય. આઈ એલ સી એવી કોઈ પણ પ્રસ્તેત બાબત ધ્યાનમાં લેવા કે રિપોર્ટ કરવા કમીટીઓનું ગઠન પણ કરે. એક વખત રિપોર્ટ મળી જાય, આઈ એલ સી સૂચિત અધિવેશન કે ભલામણના સ્વીકાર માટે વિચારણા કરે છે.જે તે અધિવેશન કે ભલામણના પ્રાવધાનો એક અંતિમ મુસદો તૈયાર કરવા માટે એક ડ્રાફિટંગ કમિટિને પહોંચાડવામાં આવે છે. આઈ એલ સી અંતિમ મુસદાના અધિવેશન કે ભલામણના સ્વીકાર માટે એક આખરી મંતવ્ય લઈ લેશે જે આઈ એલ ઓના બંધારણના ૧૯માં આર્ટિકલને સંમત હોય. અંતિમ નિર્ણય માટે આલ એલ સીમાં હાજર રહેલ પ્રતિનિધિઓ બે તૃતીયાંશ બહુમતી મળ્યા પછી જ અધિવેશન કે ભલામણનો સ્વીકાર થાય છે.

અધિવેશનો પુષ્ટીકરણ માટે કે સરકારના સૈધ્ધાંતીક સ્વીકરણ માટે ખુલ્લા મુકાય છે. જે જે રાજય અધિવેશનનું પુષ્ટીકરણ કરે છે તે આઈ એલ ઓને વાર્ષિક અહેવાલ આપવા સંમત થાય છે જેનાથી અધિવેશનના પ્રાવધાનોને અસરકારક બનાવી શકાય. સદસ્ય રાજયોની એ પણ ફરજ બની રહે છે કે જે અધિવેશનો તેમણે પુષ્ટિકૃત કર્યા નથી તેનું પણ રિપોર્ટિંગ કરવું.

ભલામણો, આમ છતાં, કાયદેસર બંધનકર્તા નથી તથા તેનાથી સરકારો પર કોઈ વૈધિક બંધન રહેતું નથી ; તેમનો આશય છે માત્ર સરકારોની સામાજિક નીતિઓનું માર્ગદર્શન કરવાનો છે.

# આઈ એલ ઓ તથા મત્સ્યોદ્યોગ ક્ષેત્ર

## આઈ એલ ઓનું મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથેનું અવલંબન કેવું છે?

મત્સ્યોદ્યોગ ક્ષેત્રની શ્રમિક સ્થિતિઓમાં સુધારણામાં આઈ એલ ઓની રૂચિનો ઈતિહાસ છેક ૧૯૨૦થી શરૂ થાય છે જે વખતે ઈટલીમાં જીઓઆ ખાતે આઈ એલ સીની બીજી સેશનમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં કામના કલાકોની મર્યાદાને લગતી એક ભલામણનો સ્વીકાર થયો હતો. તેમાં પ્રસ્તાવ મુકાયો હતો "આઠ કલાકનો દિવસ અથવા અડતાલીસ કલાકનું અઠવાડિયું એક ધોરણ તરીકે લક્ષિત કરાય પણ જે હજુ સુધી પ્રાપ્ત થઈ શકેલ નથી".

લગભગ ૪૦ વર્ષ પછી, મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલ ત્રણ અધિવેશનો જે આઈ એલ સી એ સ્વીકારેલા છે તે છે લઘુતમ વય (મત્સ્યકાર) અધિવેશન, ૧૯૫૯ (નં. ૧૧૨); વૈદકીય તપાસ (મત્સ્યકાર) અધિવેશન,૧૯૫૯ (નં.૧૧૩); તથા મત્સ્યકારના આર્ટિકલ્સ ઓફ એગ્રીમેન્ટ અધિવેશન,૧૯૫૯ (નં.૧૧૪) .

સમજૂતી નં. ૧૧૨ બધા જ વ્યાવસાયિક દરિયાઈ મત્સ્યકારી જહાજોને લાગુ પડતું તથા ૧૫ વર્ષથી નાનાં બાળકોને મત્સ્યકારી જહાજો પર નોકરી પર રાખવા પર પ્રતિબંધ મુકેલ. આમ છતાં, જો આરોગ્ય તથા ભૌતિક સ્થિતિઓ અનુકૂળ હોય તો ૧૪ વર્ષથી નાના નહીં એવાં બાળકોને નોકરીએ રાખી શકાય.

સમજૂતિ નં. ૧૧૩ પણ બધા વ્યાવસાયિક દરિયાઈ મત્સ્યકારી જહાજોને લાગુ પડતું પણ તેમાંથી તેવા જહાજોને બાકાત રાખવામાં આવતાં કે જે ત્રણ દિવસથી વધુ સમય માટે મધદરિયે રહેતાં હોય. આને કારણે મત્સ્યકારે પોતાની નોકરી દરમ્યાન ફિટનેસ સર્ટિફિકેટ રાખવાની જરૂર પડતી.

સમજૂતિ નં. ૧૧૪, જહાજો માટે સ્વીકારવામાં આવેલ જેમાં વ્યાવસાયિક દરિયાઈ મત્સ્યકારી જહાજોને નોકરીદાતા તથા શ્રમિકોના પ્રતિનિધિઓની સલાહથી બાકાત રાખવાનું પ્રાવધાન હતુંઃ તેમાં મત્સ્યકારી જહાજના માલિક તથા માછીમાર બન્ને દ્વારા નિશ્ચિત કે અ નિશ્ચિત સમય માટે લાંબી મત્સ્યકારી દરિયાઈ સફર માટે રાષ્ટ્રીય કાયદાની શરતોને આધીન આર્ટિકલ્સ ઓફ એગ્રીમેન્ટ સાઈન કરવાની જરૂર પડતી. આ આર્ટિકલ્સમાં, બીજી વસ્તુઓ સહીત, દરિયાઈ સફર પર મત્સ્યકારી માટે નીકળનાર મત્સ્યકારની જરૂરિયાતોના જથ્થાના પ્રાવધાન બાબતે નથી. વેતનનું નિર્ધારણ તથા પધ્ધતિ તેમજ એગ્રીમેન્ટના પુરા થવા અંગેની શરતો સંકળાયેલ રહેતી.

૧૯૯૬માં, મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીની પૂર્વે, મ્ત્સ્યકારી સમજૂતીઓમાંતી છેલ્લામાં છેલ્લી સ્વીકારવામાં આવી. તેમાં મત્સ્યકારોની કાર્યક્ષમતાનું સર્ટિફિકેટ સમજૂતી, ૧૯૬૬ (નં. ૧૨૫) તથા સાગર ખેડુ રહેઠાણ (મત્સ્યકાર) સમજુતી, ૧૯૬૬ (નં.૧૨૬) નો સમાવેશ થાય છે. બન્ને અભિલેખોથી, અન્ય બાબતો સહિત, એવા જહાજોને બાકાત રાખવામાં આવ્યા કે જે તટીય મત્સ્યકારી સાથે સંકળાયેલા હોય તથા જેમનું જી આર ટી (ગ્રોસ રજિસ્ટર્ડ ટનેજ) ૨૫ કરતાં ઓછું હોય, પાછળની સમજૂતીથી તેવા જહાજોને પણ મુકિત મળતી કે જે લંબાઈમાં ૧૩.૭ મી. કરતાં નાનાં હોય. દેખીતી રીતે જ, આ બન્ને સમજૂતીઓ ઔદ્યોગિક મત્સ્યકારી વ્યવહારોને લાગુ પડતી.

સમજૂતી નં. ૧૨૫ મુજબ સદસ્ય રાજયો કે જેમણે અધિવેશનમાં પુષ્ટિકરણ કરાવેલ હોય તેમને માટે જરૂરી હતું કે વ્યકિતની કાર્યક્ષમતાના સર્ટિફિકેટ માટે ધારાધોરણોનું પ્રસ્થાપન કરે જેનાથી વ્યકિત સ્કિપરની, સાથીદારની કે એન્જીનીયરની મત્સ્યકારી જહાજ પર ફરજો બજાવી શકે, જયારે સમજૂતી નં. ૧૨૬ મુજબ જરૂરી બન્યું કે રહેઠાણની સગવડ સાથેનું દળ તેઓ પુરૂં પાડે.

વ્યાવસાયિક તાલીમ (મત્સ્યકાર) ભલામણ, ૧૯૬૬ (નં. ૧૨૬)નું કેન્દ્ર હતું મત્સ્યકારોની દરિયાખેડ, મત્સ્યકારી, મત્સ્ય જહાજોની મરામત તથા રખરખાવ તેમજ મધદરિયે સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સામાન્ય તાલીમ.

દરિયાઈ સમજૂતીઓમાંની કેટલીકમાં તો એવાં પ્રાવધાનો પણ હતાં કે જે વ્યાપારી દરિયાઈ માછીમારીને લાગુ પડતાં હોય. આમ, જહાજમાલીકની જવાબદારી (માંદા તેમજ ઈજાગ્રસ્ત દરિયાખેડૂ) સમજૂતી,૧૯૩૬ (નં.૫૫) મત્સ્યકારી જહાજોને લાગુ અપવાદરૂપ હતા. તે જ રીતે, દરિયાખેડૂઓના કલ્યાણની સમજૂતી, ૧૯૮૭ (નં.૧૬૩); આરોગ્ય સુરક્ષા તથા વૈદકીય સંભાળ (દરિયાખેડૂઓ) સમજૂતી, ૧૯૮૭ (નં.૧૬૪); સામાજિક સુરક્ષા (દરિયાખેડૂ) સમજૂતી (રીવાઈઝડ), ૧૯૮૭ (નં.૧૬૫); દરિયાખેડૂઓનું પ્રત્યાવાસન સમજૂતી, (રીવાઈઝડ), ૧૯૮૭ (નં. ૧૬૬); શ્રમનિરીક્ષણ (દરિયાખેડૂ) સમજૂતી, ૧૯૯૬ (નં.૧૭૮); દરિયાખેડૂઓની ભરતી તથા પ્લેસમેન્ટ સમજૂતી, ૧૯૯૬ (નં.૧૭૯); તેમજ દરિયાખેડુઓના કામના કલાકો તેમજ દરિયામાં માણસોની સંખ્યાની સમજૂતી, ૧૯૯૬ (નં.૧૮૦) પણ વ્યાપારી દરિયાઈ મત્સ્યકારીને લાગુ પડી શકતા.

# મત્સ્યકારીમાં નવા શ્રમ નિયમનોના નિર્ધારણમાં આઈ એલ ઓએ શું કર્યુ છે?

માર્ચ, ૨૦૦૨માં આઈ એલ ઓની જીબીએ ૨૮૩મી સેશનમાં આઈ એલ સીના એજન્ડા પર એક એવી મુકી કે જે સમગ્રલક્ષી ધોરણને લાગુ પડતી હોય – એક સમજૂતી જેના પુરક તરીકે એક ભલામણ હોય – અને તે હતી મત્સ્યકારીના ક્ષેત્રની કાર્યવાહી બાબતે.

નવું ધારાધોરણ આઈ એલ ઓના પ્રવર્તમાન સાત અભિલેખોમાંથી ૬ ના સંશોધનનો હેતુ હતો. એક અભિલેખ જે બાકી હતો તે મત્સ્યકારોની કાર્યક્ષમતાના સર્ટિફિકેટની સમજૂતી, ૧૯૬૬ અંગેનો હતો. જહાજ પર મત્સ્યકારીની કામ કરતી વ્યકિતઓને લગતા નવા મુદ્દા – જેમ કે વ્યાવસાયિક સલામતી તેમજ આરોગ્ય તથા સામાજિક સુરક્ષા – ને પણ લેવામાં આવ્યા.

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ (નં. ૧૮૮) ની કાર્યવાહી મત્સ્યકારી ભલામણ, ૨૦૦૭ (R ૧૯૯)ની પુરવણી સાથે આઈ એલ સીના ૯૬મા સેશનમાં જુન, ૨૦૦૭માં જીનીવા ખાતે સ્વીકારાવામાં આવેલ, આ સ્વીકરણ પૂર્વે સમજૂતી તથા ભલામણની દરખાસ્તોમાંના લખાણો પર મત્સ્યકારી ક્ષેત્ર અંગેની આઈ એલ સીની કમિટિની સળંગ ૨૦૦૪ તથા ૨૦૦૫ની બે સેશનોમાં ચર્ચા થયેલ અને ત્યાર બાદ કેટલાક સદસ્ય રાજયો દ્વારા દરખાસ્ત પર કરાયેલા ફેરફારોની આપૂર્તિ કરાઈ.

મત્સ્યક્ષેત્ર ૨૦૦૭ની કાર્યવાહીનો અમલ ૧૦ સદસ્ય રાજયોએ, કે જેમાંના આઠ તો દરિયા કિનારાના રાજયો છે, આઈ એલ ઓમાં રજિસ્ટ્રેશન કરાવ્યાની તારીખથી ૧૨ મહીના પછી થશે.

# મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી

## મત્સ્યકારી અધિવેશન – ૨૦૦૭ની કાર્યવાહીનું ખાસ શું મહત્વ છે?

આઈ એલ ઓ દ્વારા છેલ્લે છેલ્લે મત્સ્યકારી શ્રમિક ધારાધોરણ અપનાવ્યાને ભલેને આજથી ૪૦ વર્ષ થયાં પણ પૂર્વના અધિવેશનોના પુષ્ટિકરણનું સ્તર ઘણું નીચું રહયું છે. તદુપરાંત, જૂના અભિલેખો હવે બિલકુલ પ્રસ્તુત નથી તથા પ્રવર્તમાન મત્સ્યકારી વ્યવહારોની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને પરિવર્તનોના પ્રકાશમાં અપડેટ પણ કરવામાં આવ્યા છે.  દરિયાઈ અધિવેશનો જે વ્યાપારી દરિયાઈ મત્સ્યકારીને લાગુ પડતા હતા તે પણ દરિયાઈ શ્રમિક અધિવેશન, ૨૦૦૬ (એમ એલ સી)ના આવવાથી પ્રસ્તુત રહયા નથી. એમ એલ સી દ્વારા પ્રવર્તમાન દરિયાઈ સમજૂતીઓના પુનઃસંસ્કરણમાં મત્સ્યકારી જહાજોને પોતાના વ્યાપમાંથી બાકાત રાખવામાં આવ્યા.

મત્સ્યકારી અધિવેશન – ૨૦૦૭ની કાર્યવાહી આ મત્સ્યકારી શ્રમિક ધારાધોરણોનું પુનઃસંસ્કરણ કરે છે તથા તેમાં પ્રસ્તુત એવા દરિયાઈ સમજૂતીઓના એવા પ્રાવધાનોને સમવી લે છે જે મત્સ્યકારી જહાજોને લાગુ પડતા હોય. આનાથી ધારાધોરણના નિર્ધારણની પ્રણાલી અપડેટ તથા મજબુત કરી શકાય તેમજ મત્સ્યકારી ક્ષેત્રમાં છેલ્લા ચાર દશકામાં આવેલ પરિવર્તનો પર પ્રકાશ પાડી શકાય તેમજ એમ એલ સીના વ્યાપની બહાર મત્સ્યકારી જહાજોને રાખવાતી ઉભા થયેલા શૂન્યાવકાશને પણ ભરી શકાય.

આર્થિક તેમજ વ્યાવસાયિક વૈશ્વિકરણના પ્રવર્તમાન સંદર્ભનાં, ઘણાં એવા વિકાસશીલ દેશોના મત્સ્યકારી જહાજો મત્સ્યકારી કરે છે માત્ર પોતાના રાષ્ટ્રના દરિયાઈ ક્ષેત્રમાં જ નહીં પણ દૂર દૂરનાં દરિયાઈ જળમાં પણ એટલું જ નહીં અન્ય રાજયોના દરિયાઈ ક્ષેત્રોમાં પણ. વિકાસશીલ દેશોના મીસમારોની રોજગારીમાં અપુર્વ વધારો પણ થયો છે. આવી પરિસ્થિતિમાં, મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી એક એવી ઉપયોગી ટૂલકિટ છે જેનાથી સાર્થક રીતે મત્સ્યકારીનું શ્રમ પરિમાણ જોડી શકાય. આઈ એલ ઓએ આની પૂષ્ટિ આ રીતે કરી છે : ''અન્ય વ્યવસાયોની સરખામણીમાં

એક ખતરનાક વ્યવસાય" તથા મત્સ્યકારી જહાજો પર જીવન તેમજ કાર્યક્ષેત્રીય સ્થિતિની સુધારણાને પણ માન્યતા મળી છે.

પહેલી જ વખત, આઈ એલ ઓના ઈતિહાસમાં મત્સ્યકારી સાથે સંબંધ અભિલેખમાં, મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી પ્રસ્તુત કરે છે એવા વ્યાપો જેનાથી બધા મત્સ્યકારી વ્યવહારોને આવરી લેવાય, જેમાં નદીઓ, તળાવો કે કેનાલોનો પણ સમાવેશ થઈ જાય. હા, પણ નિર્વહણ તથા મનોરંજનની મત્સ્યકારીને અપવાદરૂપ ગણાય. મહત્વની વાત તો તે છે કે, મત્સ્યકારી સાથે સંલગ્ન આ એક પહેલવેલો અભિલેખ છે જેનાથી તટવર્તીય તેમજ દરિયાઈ મત્સ્યકારીના વ્યવહારો – લઘુઉદ્યોગના મત્સ્યકારી વ્યવહારો સહિત – તેના વ્યાપ તળે આવે છે. આ અધિવેશન, આમ નાનાં તેમજ મોટાં મત્સ્યકારી જહાજો બન્નેને લાગુ પડે છે – ભલેને ખુલ્લા હોય યા બંધ, આ જહાજો પરના મત્સ્યકારોને પણ તેટલું જ લાગુ પડે છે.

# મત્સ્યકારી અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીની મુખ્ય જરૂરીયાતો કઈ છે?

જે દેશો મત્સ્યકારી અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીને પુષ્ટિ આપશે તેમણે જરૂરીયાતોનું નિર્ધારણ કરવું પડશે કે જેથી કરીને મત્સ્યકારી જહાજોના સલામત પરિવહન તેમજ સંચલન માટે માણસોની પૂરતી સંખ્યા તેમજ સલામતીપૂર્ણ વ્યવસ્થા જાળવી શકાય. આઈ એલ ઓના સદસ્યો માટે જરૂરી બનશે નીચેની બાબતોને લગતા ધારાધોરણોનો વિકાસ કરે :

## મત્સ્યકારી જહાજો પર કામ કરવા માટેની ન્યૂનતમ જરૂરિયાતો :

- મત્સ્યકારી જહાજો પર કામે રાખવા માટેની ન્યૂનતમ વયમર્યાદા જેથી કરીને યુવાન વ્યકિતઓનાં આરોગ્ય, સલામતી કે નૈતિકતાને નુકસાન ન પહોંચે.
- આરોગ્ય પરીક્ષણ – જેનાથી ખાતરી થાય કે મત્સ્યકારો જહાજ પર પોતાની ફરજો નિભાવવા માટે તંદુરસ્ત છે.

## સેવાની શરતો

- મત્સ્યકારી જહાજના સલામત પરિવહન તેમજ સંચલન માટે સલામતીભરી માણસોની સંખ્યા
- મત્સ્યકારો માટે જહાજ પર નિયમિત આરામનો સમયગાળો, જેનાથી તેમની સલામતી તથા આરોગ્યની જાળવણી થાય

- મત્સ્યકારી જહાજો પર સાથીદળની યાદી સાથે રાખવી તેમજ તેની એક પ્રત જહાજના ઉપડવાની પહેલાં અધિકારીઓને આપી રાખવી.
- મત્સ્યકારોનાં કાર્યક્ષેત્રીય કરારો તૈયાર કરવાં તેમજ તેમની ન્યૂનતમ વિગતોની જાણ કરવી કે જેનાથી મત્સ્યકારી જહાજ પરના મત્સ્યકારોની સુચારૂ કામગીરી તેમજ જીવન પરિસ્થિતિની ખાતરી આપવી
- વિદેશી બંદરથી સ્વદેશ પાછા ફરેલ મત્સ્યકારોને હક્કો આપવા
- મત્સ્યકારોની ભરતી તથા પ્લેસમેન્ટ
- મત્સ્યકારોને વેતનની નિયમિત ચુકવણીની ખાતરીની વ્યવસ્થા કરવી

# રહેવાસ તેમજ ખોરાક

- મત્સ્યકારોના જહાજો પર રહેવાસ, ખોરાક તથા પીવાના પાણીનું પ્રાવધાન

## વૈદકીય સારસંભાળ, આરોગ્ય સુરક્ષા તેમજ સામાજિક સલામતી

- વૈદકીય સારસંભાળ તથા દરિયા કિનારે વૈદકીય સારવારનો હક તેમજ કોઈ ગંભીર ઈજા કે માંદગીની ઘટના વખતે સમયસર કિનારે પહોંચવાનો અધિકાર વ્યવસાય સંબંધી અકસ્માતોનો અટકાવ, વ્યવસાય સંબંધી રોગો તેમજ વ્યવસાય સંબંધી જોખમો ખ જોખમોની ગણતરી તથા તેમના વ્યવસ્થાપનો સહિત ;
- મત્સ્યકારી માટેની તાલીમ – મત્સ્યકારીના સાધનોના હેન્ડલીંગ તેમજ મત્સ્યકારી વ્યવહારોના જ્ઞાનના સંદર્ભમાં,
- મધદરિયાના મત્સ્યકારી જહાજોના અકસ્માતોની તપાસ તથા તેનું અહેવાલ લેખન
- મત્સ્યકારો તેમજ તેમજ આધારિતોને સામાજિક સુરક્ષાની જાળવણીમાંથી મળતા લાભોના હક્કો મળે – અન્ય કાર્યકરોને લાગુ પડતા નિયમનો કરતાં જરા પણ ઓવા નહીં. આનાથી સમગ્ર સામાજિક સુરક્ષાની જાળવણી બધા મત્સ્યકારોને પ્રાપ્ત થાય તથા સામાજિક સુરક્ષાના હક્કોના પરિપાલનની ખાતરી મળે
- કાર્ય–સંબંધી બિમારીઓ, ઈજા તેમજ મૃત્યુ સામે રક્ષણ તેમજ એ વાતની ખાતરી કરવી કે મત્સ્યમારી જહાજોના માલીકો મત્સ્યમારોને આરોગ્ય સુરક્ષા તેમજ વૈદકીય સારવાર પહોંચાડવા બંધાયેલા છે. તથા

# પરિપાલન તેમજ પ્રવર્તન

- જહાજો પરના અસરકારક ન્યાય તેમજ નિયમનના અમલીકરણ માટે એક એવી પ્રણાલી પ્રસ્થાપિત કરવી કે જેનાથી સમજૂતીની જરૂરિયાતોના પરિપાલનની ખાત્રી મળે

ઉપરના તમામ પ્રાવધાનો લાગુ પડે :

a) એવાં મત્સ્યમારી જહાજોને કે જેમની લંબાઈ ૨૪ મી. થી વધુ હોય
b) એવાં મત્સ્યમારી જહાજોને કે જે સામાન્યતઃ સાતથી વધુ દિવસ મધદરિયે રહેતાં હોય કે
c) એવાં મત્સ્યમારી જહાજો કે જે દૂર દરિયાના પાણીમાં મત્સ્યમારીનાં મત્સ્યમારી ઓપરેશનો હાથ ધરે છે.

**આમાંના મોટા ભાગના જહાજોને પણ લાગુ પડે અને જે તે જહાજ પર કામે લાગેલ તમામને પણ લાગુ પડે. આમાં રાષ્ટ્રીય સતામંડળો દ્વારા સમજૂતીના વ્યાપની બહારની વાત નથી.**

# અધિવેશનના ખાસ એવા કયા શબ્દો છે કે જેના થકી આ લક્ષોને સિધ્ધ કરી શકાય?

આ અધિવેશનના ૫૪ આર્ટિકલ છે જેનો વ્યાપ નવ ભાગોમાં તેમજ ત્રણ પરિશિષ્ટોમાં સમાયેલો છે. ભાગ I વ્યાખ્યાઓ સંબંધી (આર્ટિકલ ૧) છે તથા સ્કોપ (આર્ટિકલ ૨,૩,૪ તથા ૫). ભાગ II સામાન્ય સિધ્ધાંતોને લગતો છે, જેમ કે, અમલીકરણ (આર્ટિકલ ૬) થી સક્ષમ સતામંડળ તથા સંયોજન (આર્ટિકલ ૭), મત્સ્યમારી જહાજ માલીકોની જવાબદારીઓ, સ્કિપર્સ તેમજ ફિશર્સ (આર્ટિકલ ૮). ભાગ III માં દરિયાપરના મત્સ્યમાર જહાજના કામની ન્યુનતમ જરૂરિયાતો જેમ કે, ન્યુનતમ વય (આર્ટિકલ ૯) તથા વૈદકીય પરીક્ષણ (આર્ટિકલ ૧૦,૧૧ તથા ૧૨)નો સમાવેશ થાય છે.

ભાગ IV માં સેવાની શરતો તેમજ ભાગ V માં રહેવાસ તેમજ ખોરાક (આર્ટિકલ ૨૫ તથા ૨૬) તેમજ ભાગ VI માં વૈદકીય સંભાળ, આરોગ્ય સુરક્ષા તેમજ સામાજિક સુરક્ષાનો સમાવેશ થાય છે. ભાગ IV તથા VI સૌથી લાંબા વિભાગો છે. ભાગ IV માં સમાવિષ્ટ છે માણસોની સંખ્યા તેમજ કામના કલાકો (આર્ટિકલ ૧૩ તથા ૧૪), દળના સભ્યોની યાદી (આર્ટિકલ ૧૫), મત્સ્યકારોના કામનો કરાર (આર્ટિકલ ૧૬,૧૭,૧૮,૧૯,૨૦). પ્રત્યાવાસન (આર્ટિકલ ૨૧) ભરતી તથા પ્લેસમેન્ટ (આર્ટિકલ ૨૩) તથા મત્સ્યકારોનાં ચુકવણા (આર્ટિકલ ૨૩ તથા ૨૪). ભાગ VI માં સમાવિષ્ટ છે વૈદકીય સંભાળ (આર્ટિકલ ૨૯ તથા ૩૦), વ્યવસાય સંબંધી સલામતી તથા આરોગ્ય તેમજ અકસ્માત નિવારણ (આર્ટિકલ ૩૧ થી ૩૩), સામાજિક સુરક્ષા (આર્ટિકલ ૩૪ થી ૩૭), તથા કાર્યસંગ બિમારી, ઈજા કે મૃત્યુના સંજોગોમાં રક્ષણ (આર્ટિકલ ૩૮ થી ૩૯).

ભાગ VII લાગુ પડે છે પરિપાલન તેમજ પ્રવર્તન (આર્ટિકલ ૪૦ થી ૪૪), ભાગ VIII માં સમાવિષ્ટ છે સુધારો પરિશિષ્ટ–I (માપનમાં સમાનતા), II (મત્સ્યકારોના કામનો કરાર) તથા III (મત્સ્યકારી જહાજમાં રહેવાની વ્યવસ્થા). ભાગ IX માં અંતિમ પ્રાવધાનોની વાત છે.

# મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનું માળખું શું છે?

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનું દ્વિસ્તરીય માળખું છે. એક બાજુ તેમાં નિયમબધ્ધ ધારાધોરણો છે

i. ૨૪ મી. કે તેથી વધુ લંબાઈના જહાજો માટે
ii. મધદરિયે સાતથી વધુ દિવસ રહેતા જહાજો માટે કે
iii. એવા જહાજો માટે દરિયાઈ પટ્ટીતી ૨૦૦ દરિયાઈ માઈલ દૂર સુધી સફરે જાય છે, કે
iv. એવા જહાજો માટે કે જે ખંડીય છાજલીથી બહારની ધારે હંકારાય છે તથા
v. એવા મત્સ્યકારો કે જેઓ આવા જહાજો પર કામ કરે છે.

બીજી બાજુ તેનાં ધારા–ધોરણો થોડાં લચીલાં છે એવા અન્ય જહાજો માટે કે જે સમજૂતીના વ્યાપમાં નોટીફાય થયેલાં હોય તથા જેમની પર મત્સ્યકારો કામ કરતાં હોય. સદસ્ય રાજયો પર એ વાત છોડી

દેવામાં આવે છે કે સમજૂતીના પ્રાવધાનોનો અમલ કરાવવા કાયદા, નિયંત્રણો કે અન્ય ઉપાયોનું સ્વીકરણ કરે. સદસ્ય રાજયોને જરૂર પડશે કે કયા પ્રકારનું મત્સ્યમારી જહાજ છે – પછી ભલે તેનો સમાવેશ કારીગરવર્ગીયમાં તથા લઘુ ઉદ્યોગમાં થતો હોય. પણ એની ભલામણથી મત્સ્યકારી શ્રમિક ધારાધોરણો દ્વારા લાભકારી બનવી જોઈએ. વધુમાં, એવા પ્રાવધાનો પણ છે કે જેમાં કેટલાંક સમજૂતીના પ્રાવધાનો ''ક્રમિક રીતે અમલ''માં મુકાશે જે મત્સ્યકારી જહાજોની કેટલીક શ્રેણીઓના સંદર્ભમાં હશે.

# ''પ્રગતિલક્ષી અમલીકરણ''ના અભિગમનો શો અર્થ છે?

ભલે ''પ્રગતિલક્ષી અમલીકરણ''નો વિચાર વ્યાખ્યાયિત ન કરાયો હોય, પણ એવું સમજવામાં આવે છે કે આ એક એવું પ્રાવધાન છે કે જેના થકી દેશોને કેટલીક નિશ્ચિત કરાયેલા અધિવેશનના પ્રાવધાનોના અમલીકરણ માટે એક લાંબા સમયગાળાની પરવાનગી આપવામાં આવે છે.

અધિવેશન જહાજો માટેના આ પ્રાવધાનોને ''પ્રગતિશીલ અમલીકરણ'' માટે છુટ આપે છે જયારે તે નીચેની શ્રેણીઓમાંથી તેના વ્યાપ હેઠળ લાવવામાં આવે :

i. જહાજો જે ૨૪મી. લંબાઈથી નાનાં હોય,
ii. ઓછા સમયગાળાની દરિયાઈ સફર પર, સાત દિવસ કરતાં ઓછી, જનાર જહાજો
iii. એવાં જહાજે જે દૂરના પાણીમાં મત્સ્યકારી માટે જતાં ન હોય ; તેમજ એવાં મત્સ્યકારો જે આ જહાજો પર કામ કરતા હોય

આવી ''પ્રગતિશીલ અમલીકરણ''ની છુટ માત્ર નીચે મુજબની જરૂરિયાતના સંજોગોમાં લાગુ પડી શકે છે.

- જહાજો પર દરિયાઈ સફર પર વૈધ એવા મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ ધારણ કરવા. આ જહાજો ઉપર્યુકત ત્રણ શ્રેણીઓમાં ના હોવા જોઈએ તેમજ ૨૪ મી. થી મોટા તેમજ સાત દિવસથી ઓછી દરિયાઈ સફર પર જનાર જહોજોને લાગે પડે છે.
- મત્સ્યકારી જહાજોએ પોતાની સફર પર પોતાની સાથે સાથીદળની યાદી રાખવાની
- મત્સ્યકારી જહાજોના માલીકોની બાબતમાં તે રીતે કે દરેક મત્સ્યકારને એક લેખિત ''વર્ક એગ્રીમેન્ટ'', બન્ને દ્વારા સાઈન કરાયેલું, હોવું જોઈએ. જેનાથી સફર પરની સુચારૂ જીવન તથા કાર્ય સ્થિતિની ખાત્રી મળી શક;
- મત્સ્યકારોની સહભાગિતા સાથે રિસ્ક ઈવેલ્યુએશન(જોખમ મુલ્યાંકન)ની બાબતમાં

તેમજ

- આઈ એલ ઓના સદસ્યોની બાબતમાં. તેમણે મત્સ્યકારોને કામ–સંબંધી બિમારી, ઈજા કે મૃત્યુના સંજોગોમાં રક્ષણ પુરૂં પાડવું તેમજ વૈદકીય સારસંભાળ તથા રાહતો વ્યવસાયગત અકસ્માત કે રોગના સંજોગોમાં પહોંચાડવી. આ માટે એક મત્સ્યકારી જહાજ માલીકોની જવાબદારીની પ્રણાલી અથવા તો ફરજિયાત ઈન્શ્યોરન્સ, કામદારોની રાહતો કે એવી બીજી યોજનાઓ ઉભી કરવી.

પ્રગતિશીલ અમલીકરણનો આ અભિગમ મત્સ્યકારી જહાજોના ખાસ તો ઉપર્યુકત ત્રણ શ્રેણીઓના, માલીકને લાભ કરાવે છે તેમજ તે એવા દેશોને પરવાનગી આપે છે જે મત્સ્યકારી અધિવેશન,

૨૦૦૭ની કાર્યવાહીનં પુષ્ટીકરણ કરે જેનાથી સમજૂતીના ઉપર્યુક્ત પ્રાવધાનોનું વિલંબિત સમયગાળામાં અમલીકરણ થઈ શકે.

આવા અભિગમથી અપેક્ષા એ રહે છે કે અધિવેશનનું વધુમાં વધુ પુષ્ટિકરણ થાય કારણકે તેનો સંબંધ છે ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ ઈન્સ્ટીટયુટના સ્તરની ખોટ સાથે – જેને લીધે કેટલાક દેશોમાં સમજૂતીના અમલીકરણમાં વિઘ્ન આવી શકે તેમ છે.

# કારીગરવર્ગીય તેમજ લઘુઉદ્યોગ મત્સ્યકારી

## શ્રમિક ધારાધોરણો લઘુઉદ્યોગો માટે પણ ગણનામાં લેવા કેમ મહત્વનાં છે?

૧૯૬૦ના દશકાથી થયેલી મત્સ્યોદ્યોગ ક્ષેત્રની તકનીકી ક્રાન્તિએ મત્સ્યકારે જહાજો તથા મત્સ્યકારીના ઓપરેશનોમાં જબરદસ્ત યાંત્રિકરણ લાવી દીધું છે. આના પરિણામે લઘુ ઉદ્યોગીય તથા કારીગરવર્ગીય મત્સ્યકારી જહાજો દ્વારા વિસ્તારાયેલી ફિશિંગ ઓપરેશનની ક્ષિતિજો છે. પરિણામે, તેમાં મહત્વના ફેરફારો થઈ રહયા છે અથવા તો ફેરફારોની જરૂર ઉભી થઈ છે – લઘુ ઉદ્યોગો મત્સ્યકારી જહાજો પરની કામગીરી તથા જીવનીય સ્થિતિની બાબતમાં.

૨૦૦ –નોટિકલ માઈલ એકસ્કલુઝીવ ઈકોનોમીક ઝોન (EEZ) ની અથવા તો એકસ્કલુઝીવ મત્સ્યકારી ઝોન (EFZ) ની જાહેરાત ઘણા દરિયાકાંઠાના રાજયો દ્વારા ૧૯૭૦ના દશકામાં થતાં મત્સ્યકારીની તકો – નાનાં – મોટાં બન્ને પ્રકારનાં જહાજો માટે અપુર્વ વિસ્તરણની ક્ષિતિજો ઉભી કરી છે. નાનાં જહાજો જેમાં સફરનાં ઉપકરણો વધુ છે તે હવે દૂર દૂરના અંતર સુધી સફર કરે છે ; બહુ દિવસીય ફિશિંગ ઓપરેશનો અમલમાં આણે છે; પણ તેમાં કાર્યગત તેમજ જીવનીય સ્થિતિના સુધારના મહત્વને ગૌણ બનાવી દેવાય છે. એકદમ જુદી પડતી નોકરીદાતા–શ્રમિક વ્યવસ્થાઓ એવા મત્સ્યકારી ઓપરેશનોમાં જોવા મળે છે જેમાં ૨૪ મી. થી નાના જહાજોને કામે લગાડયાં હોય. કેટલાક ફિશિંગ ઓપરેશનો તો જઈને ઔદ્યોગિક પધ્ધતિના ઉત્પાદન સ્તર સુધી જઈ પહોંચ્યા છે.

મત્સ્યકારી અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીથી શ્રમિકોની હાલતથે બદતર બનાવતી અટકાવી શકાય તેમ છે. ખાસ કરીને ઘણાં એવા વિકાસશીલ દેશોના મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં સ્પષ્ટપણે એક કાયદાકીય ઢ ાંચાની જેનાથી દુનિયાભરની મત્સ્યકારીમાં કાર્યક્ષેત્રીય તથા જીવજીય સ્થિતિને લાગુ પાડી શકાય.

## કારીગરવર્ગીય તેમજ લઘુઉદ્યોગ મત્સ્યકારો તેમજ મત્સ્ય જહાજોને મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીથી શો લાભ?

મત્સ્યકારી અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીમાં, લઘુ કે બૃહદ પાયાના કે કારીગરવર્ગીય મત્સ્યકારો કે મત્સ્યકારી જહાજોનો ભલે કોઈ સીધો ઉલ્લેખ ન હોય, પણ તેનો વ્યાપ–અપવાદોને પણ ધ્યાનમાં

લેતાં– બધાં મત્સ્યકારી ઓપરેશનોને આવરી લે છે. અધિવેશનના પ્રાવધાનો કે જે ખરેખર લઘુ ઉદ્યોગ મત્સ્યકારી જહાજોને લાભ અપાવી શકે તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- લઘુતમ વય મર્યાદા
- વૈદકીય પરીક્ષણો
- જહાજ પરના સાથીદળની યાદી
- આરામનો નિયમિત ગાળો
- કામ અંગેના કરારો
- નિયમિત ચુકવણાં
- રહેવાસ, ખોરાક તથા પિવાના પાણીની મત્સ્યકારી જહાજ પર વ્યવસ્થા
- મેડિકલ સાધનો તેમજ મેડિકલ પુરવઠો જેમાં પ્રાથમિક સારવાર માટે તાલીમ પામેલ એક મત્સ્યકારની જહાજ પર સમાવેશની જરૂરિયાત
- તટ પર વૈદકીય સારવારનો હક
- વ્યાવસાયિક અકસ્માતોનો અટકાવ, વ્યવસાય સંબંધી રોગો, મધદરિયે કાર્ય–સંબંધી જોખમોનો અટકાવ
- મત્સ્યકારી સાધનના પ્રકારને હેન્ડલ કરવામાં મત્સ્યકારની તાલીમ
- મધદરિયાના મત્સ્યકારી જહાજોના અકસ્માતોનું અહેવાલ–લેખન તેમજ તપાસ
- આરોગ્ય સુરક્ષા તેમજ વૈદકીય સંભાળ તથા
- સામાજિક સુરક્ષા

આમ છતાં, કારીગરવર્ગીય તથા લઘુ–ઉદ્યોગ મત્સ્યકારી ઓપરેશનો ઉપરની પ્રાવધાનોથી લાભ જરૂર થશે પણ, અન્ય બાબતો સહિત, તેનો આધાર નાના પાયાના મત્સ્યકારી ઓપરેશનોની ખાસ શ્રેણીમાં અધિવેશનના વ્યાપ તળે લાવવામાં આવેલ છે કે નહીં તેના પર રહેશે. લઘુ ઉદ્યોગની શ્રેણીઓ જેમને અધિવેશનથી લાભ મળી શકે તેમ છે તેનું નિર્ધારણ રાષ્ટ્રીય સ્તરે થશે.

# શું મત્સ્યકારી અધિવેશન,૨૦૦૭ની કાર્યવાહી મત્સ્યકારો તથા મત્સ્યકારી જહાજોની બધી શ્રેણીઓ આવરી લેશે?

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી હેઠળ "મત્સ્યકાર" એટલે તેવી દરેક વ્યકિત કે જે મત્સ્યકારી જહાજ પર કોઈ કાર્યમાં કોઈ પણ સ્તર પર રોકાયેલ હોય. આમાં એવી વ્યકિતઓનો પણ સમાવેશ થાય છે જેઓ જહાજ પર પારિશ્રમિક મેળતા હોય કે પકડાયેલા માછલાંના ભાગરૂપે મેળવતા હોગ, તેમજ જે લોકો સ્વ રોજગારી મેળવતાં હોય. આમ, બીજી બાબતો સહિત, માત્ર મત્સ્યકારો જ નહીં પણ મત્સ્ય પ્રક્રિયા સાથે સંકળાયેલા કારીગરો જે મત્સ્યકારી જહાજો પર હોય તે પણ સમજૂતીના વ્યાપની મર્યાદામાં આવી જાય છે. આ સમજૂતીમાં પ્રાવધાનો છે અપવાદોના

i. જમીન પર થતા મત્સ્યકારી ઓપરેશનો
ii. કેટલીક મર્યાદિત મત્સ્યકાર કે મત્સ્યકારી જહાજોની શ્રેણીઓ જેમાં સમાવિષ્ટ છે આ ધોરણો : મત્સ્યકારી જહાજોની લંબાઈનું, દરિયાઈ સફરનો સમયગાળો, કાર્યક્ષેત્રનો વિસ્તાર તેમજ મત્સ્યકારી ઓપરેશનનો પ્રકાર. આમ છતાં, જહાજ

ભલે ૨૪ મી. ની લંબાઈથી નાનું હોય, આવા અપવાદોનો વ્યાપ એવા જહાજોને લાગુ નથી પડતો જે મધદરિયે સાત દિવસ કરતાં વધુ રહેતા હોય તથા જે ૨૦૦ નોટિકલ માઈલથી વધુ ઝડપે સફર કરતા હોય કે ઉપખંડીય છાજલીની બહારની ધારની પેલે પાર જતાં હોય.

# મત્સ્યકારી અધિવેશન,૨૦૦૭ની કાર્યવાહીથી દરિયાકાંઠા પરની મત્સ્યકારી પ્રવૃતિઓમાં સંકળાયેલાઓને કેવી રીતે ફાયદો થશે?

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી હેઠળ મત્સ્યકારની વ્યાખ્યામાં નહી આવનાર લોકોમાં નીચેનાંનો સમવેશ થાય છે. દરિયાકાંઠાના, અથવા તો સામાન્ય રીતે બિન–જહાજી મત્સ્યકારો, ડુબકી લગાવનારાઓ, દરિયાકાંઠે જાળ ખેંચનારાઓ, સી–વીડની લણણી કરનારાઓ, કાસ્ટ નેટનો ઉપયોગ કરનારાઓ, બીજા બીચ–ઓપરેટેડ સાધનો વાપરનારાઓ, પગે ચાલીને ઈન્ટર–ટાઈડલ ઝોનમાં માછીમારી કરનારાઓ– પછી ભલે તે ફુલ ટાઈમ હોય અને ભલે તે નોકરીદાતા તથા કામદારની જુદી જુદી શ્રેણીમાં આવતાં હોય.

# મત્સ્યકારો તથા નાગરિક સમાજ સંગઠનો મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭થી કાર્યવાહી હેઠળ મત્સ્યકારોને મળતા લાભો જેટલા જ લાભો દરિયાકાંઠાના મત્સ્યકારોને અપાવવા શું કરી શકે?

રાષ્ટ્રીય અભિયાનો એ, અન્ય બાબતો સહિત, સરકારોનું ધ્યાન નીચેની બાબતો પ્રત્યે ખેંચવામાં મદદ કરવી જોઈએ : બિન–જહાજ આધારિત, પુર્ણકાલીન મત્સ્યકારો કે જે ડુબકી લગાવનારા છે, શેલ ફીશ એકઠી કરનારા, દરિયાકાંઠે માછલાં પકડનારા માછીમારો, તથા મત્સ્યકારી – સંલગ્ન કામોમાં સંકળાયેલા તે લોકો જેમાં ખાસ કરીને સ્ત્રીઓ કે જેમની આ પ્રવૃતિઓમાં મહત્વની હાજરી હોય છે . આનો હેતુ છે મત્સ્યકારી અધિવેશન–૨૦૦૭ની કાર્યવાહીના પ્રસ્તુત પ્રાવધાનોમાંથી તેમને પણ લાભો મળે તેની ખાતરી થાય. આવી ન્યૂનતમ જરૂરિયાતો નીચેના સંજોગો માટે હોય છે.

i. ખતરનાક કામો (જેવાં કે ડુબકી લગાવવાનાં, ઉપદ્રવકારી સમુદ્રમાં સમુદ્ર કાઠે માછલાં પકડવો, આંતર–ભરતી ક્ષેત્રોમાં છીપલાં એકઠાં કરવા.)
ii. સેવાની શરતો (કામના કરારો, આરામના કલાકો કે ચુકવણીની પધ્ધતી)
iii. વ્યવસાય સંબંધી સલામતી તથા આરોગ્ય સુરક્ષા ; અને
iv. વૈદકીય સારવાર તથા સામાજિક સલામતી

આનાથી દરિયાકાંઠાના મત્સ્યકારોને પણ તેમની કાર્ય સંબંધી કે જીવન સંબંધી સ્થિતિ સુધારવામાં મદદ મળશે.

# હવે પછી

## મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીને અપનાવી તથા અનુમોદિત કર્યા પછી સદસ્ય રાજયો પાસે કેવી કાર્યવાહીની અપેક્ષા છે?

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનું જે જે દેશોએ પુષ્ટિકરણ કર્યુ છે તેમણે આઈ એલ ઓને રીપોર્ટ નીચેના મુદ્દા સાથે આપવો પડશે :

- અમુક પ્રકારની મત્સ્યકારોની કે મત્સ્ય જહાજોની શ્રેણીઓને સમજૂતીના વ્યાપમાંથી કેમ બાકાત રાખવામાં આવ્યા છે?
- બાકાત રાખવામાં આવેલ શ્રેણીઓને તેટલું જ રક્ષણ પુરૂં પાડવામાં કયાં કયાં પગલા ભરવામાં આવ્યાં છે?

એમણે આગળ એવી પણ સ્પષ્ટતા કરવી પડશે કે જેમાં પુરતા પ્રમાણમાં તથા સલામતીના ધોરણો મત્સ્યકારી જહાજો પર મત્સ્યકારો લેવાની જરૂરિયાત તથા તેમની સલામતી તેમજ તેમના આરોગ્યની જરૂરિયાતોનો ઉલ્લેખ હોય. અન્ય બાબતો સાથે,ધારાધોરણોના વિકાસમાં જરૂરી બનશે :

- જહાજ પરના મત્સ્યકારોનાં સલામતી તથા આરોગ્યની ખાતરી માટે પુરતા ગાળાનો આરામ
- મત્સ્યકારોને વેતનોનું નિયમિત ચુકવણું થાય તેની વ્યવસ્થા
- પુરતા માપના તેમજ ગુણવતાવાળા મત્સ્યકારી જહાજીય આવાસનું પ્રાવધાન ;
- વૈદકીય સંભાળ જેમાં જહાજ પર એવા ઓછામાં ઓછા એક મત્સ્યકારની જરૂરિયાત જેણે આપાતકાલીન મેડિકલ કેર પુરી પાડવાની તાલીમ લીધેલી હોય
- દરિયા કાંઠાની મત્સ્યકારોની વૈદકીય સારવાર માટે હકની માન્યતા
- મત્સ્યકારી જહાજો પરના વ્યવસાય સંબંધી જોખમોનો અટકાવ ;
- મત્સ્યકારી જહાજો પર પુરતા પ્રમાણ – ગુણવતાવાળા ખોરાક – પાણીનું પ્રાવધાન ;
- મત્સ્યકારોને તેમને પ્રયોજવાના સધાનોના જ્ઞાન તેમજ ચાલનની તાલીમ

## શું વિકાસશીલ દેશોની મદદ માટે એવા કોઈ ખાસ પ્રાવધાનો છે કે જેનાથી મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીના પ્રાવધાનોનો અમલ થઈ શકે?

પ્રગતિદર્શી અમલીકરણનો અમલીકરણનો અભિગમ પુરી પાડે છે એક વધારાની લવચિકતા કે જેનાથી , ખાસ કરીને વિકાસશીલ દેશોમાં અધિવેશનના કેટલાક પ્રાવધાનોના અમલીકરણમાં

સરળતા પડે છે. મત્સ્યકારી જહાજોની શ્રેણીઓ કે તે જહાજો પરના મત્સ્યકારોની શ્રેણીઓ અધિવેશનના વ્યાપ તળે લાવવામાં આવે છે.

# મત્સ્યકારો તથા નાગરીક સમાજના સંગઠનો મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનું અમલીકરણ થઈ રહયુ છે તેની ખાતરી કેવી રીતે કરી શકે?

મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહી રાષ્ટ્રીય સ્તરે પુષ્ટીકરણ પામે તેની ખાતરી માટે અભિયાનો હાથ ધરાવાં જોઈએ. યોગ્ય સ્તરો પર કાયદાકીય વ્યવસ્થાઓની સુધારણા કે વિકાસ માટે પગલાં લેવાવાં જોઈએ ; સમજૂતીની બાબતોને અમલમાં લાવવા આ બહુ જરૂરી છે. રાષ્ટ્રીય સ્તર પરના સક્ષમ અધિકારીઓને નોકરી દાતાઓ તેમજ શ્રમિકોના સંગઠનોનું પીઠબળ મેળવવા અભિયાનો મહત્વના છે ; આનાથી મત્સ્યકારો તથા મત્સ્યકારી જહાજોની શ્રેણીની એક સંપર્કીય તેમજ સહભાગિતાની પ્રક્રિયા દ્વારા ઓળખ મેળવવામાં મદદ મળશે; તથા તેમને અધિવેશનના વ્યાપ તળે લાવવા કે તેમને બાકાત રાખવા? જેમ કે બધા જ પ્રકારના મત્સ્યકારી જહાજો, તેમની સાઈઝની ગણના કર્યા વગર, સાત દિવસથી વધુ દિવસની સફર હાથ ધરતા હોય અને જે ખંડીય છાજલી કે તેની પેલે પાર ૨૦૦ દરિયાઈ માઈલની ઝડપે મત્સ્યકારી માટે જતાં હોય તો તેમને અલગ પાડવા જરૂરી છે. એનાથી આગળ, કયા પ્રકારના મત્સ્યકારી જહાજો જે લંબાઈમાં ૨૪ મી. થી નાનાં હોય તે – તેમજ આ જહાજો પર કામ કરતાં શ્રમિકોને અધિવેશનના વ્યાપ તળે લાવવામાં જે બાબતો ભાગ ભજવશે તે છે : મત્સ્યકારી સફરનો સમયગાળો, ઓપરેશનનું ક્ષેત્ર, ઓપરેશનનો પ્રકાર તેમજ અન્ય બાબતો. તદુપરાંત, મત્સ્યકારો તેમજ મત્સ્યકારી જહાજો જેમને અધિવેશનના કેટલાક પ્રાવધાનોમાંથી બાકાત રાખવાના છે તેની ઓળખ મેળવવી જરૂરી છે. બધાં મત્સ્યકારોને લખવું પડે તેવા અધિવેશનના પ્રાવધાનોને પણ ઓળખી અલગ કરવા જરૂરી છે. આમ, ઉ. ત., લઘુતમ વયની જરૂરિયાત, નિયમિત ચુકવણું તથા સામાજિક સુરક્ષાના પ્રાવધાનોને બધાં મત્સ્યકારોને લાગુ પડતા જોઈ શકાય છે.

ઘણાં વિકાસશીલ દેશો નબળા ઈન્ફ્રાસ્ટ્રકચર તથા નબળી સંસ્થાઓનો ભાર વેંઢારે છે. સરકારોની એન્ફોર્સમેન્ટ ક્ષમતાને જરૂર પડશે મત્સ્ય ક્ષેત્રોના એક મુખ્ય પુન ર્વિન્યાસ, કે સુવ્યવસ્થિત કરવાની. તદુપરાંત દરિયાઈ મત્સ્યમારી જહાજોની સલામતીના સતામંડળ કે શ્રમિકોના વ્યવસ્થાપનની પણ જરૂર પડશે. વિકાસશીલ દેશોને માત્ર આવું જ એક પરિવર્તન મદદરૂપ થશે. કાયદાના સ્વરૂપને અપનાવવામાં તથા મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીને અમલમાં લાવવામાં મદદરૂપ થશે. આનાથી સક્ષમ બનશે વિકાસશીલ દેશો. પોતાના ૨૪ મી. થી નાની લંબાઈવાળા મત્સ્યકારી જહાજો પર નજર નાખવામાં, તથા મત્સ્યકારો પર નજર નાખવામાં – એક એવા દષ્ટિકોણથી જે શ્રમિક કેન્દ્રી હોય અને જે કામગીરી મોટા ભાગના વિકાસશીલ દેશોમાં હજુ સુધી ભાગ્યે જ હાથ ધરાઈ હોય.

# ઉપસંહાર

## કેટલાંક સારરૂપ અવલોકનો

મત્સ્યોદ્યોગ અધિવેશન, ૨૦૦૭ની કામગીરી મત્સ્યોદ્યોગ ક્ષેત્રના શ્રમિક ધારા ધોરણોમાં : મત્સ્યકારોની ભરતી, બોટ પરની જીવન અને કામગીરીની હાલતમાં સુધારો, તથા સામાજીક સુરક્ષાના સંદર્ભમાં ચાવીરૂપ તત્વો પુરા પાડે છે. તેનાથી મત્સ્યકારોને અમાનવીય એવી કાર્યસ્થિતીઓની સામે રક્ષણ મળી શકે છે તથા સમગ્ર વિધિમાં બૃહદ તથા લઘુ ક્ષેત્રીય બન્નેમાં મત્સ્યકારીનાં કામોમાં માછીમારોની કાર્યક્ષેત્રીય તથા જીવનધોરણની સ્થિતિઓમાં સુધારો લાવવામાં મદદરૂપ થવું જોઈએ. ૨૦૦૪ની મત્સ્યોદ્યોગ કમિટીમાં સંબોધન કરતાં આઈ એલ સીના સેક્રેટરી જનરલે જણાવ્યું હતું, "સ્પષ્ટપણે એ વાત મહત્વની છે કે અધિવેશનની સુરક્ષા જાળમાંથી લાપરવાહોથી છટકીને કોઈપણ માછીમાર જાય નહીં.. આ વાત સિધ્ધ કરવા માટે, આ જાળના પાસા બિલકુલ યોગ્ય હોવાં જોઈએ. એટલા મોટા પણ નહીં કે બધું અપવાદરૂપ લાગે, એટલા નાના પણ નહીં કે જેનાથી પુષ્ટીકરણ તથા અમલીકરણનું ગળું ટુંપાય". સરકારો, માછીમારોના તથા નોકરીદાતાઓના જુથો તેમજ બિન–સરકારી સંગઠનોએ સાથે મળીને કામ કરવું જોઈએ – જેથી કરીને મત્સ્યકારી અધિવેશન, ૨૦૦૭ની કાર્યવાહીનો અમલ કરી શકાય : સમગ્ર વિશ્વમાં.

– સમાહર્તા
ઈન્ટરનેશનલ કલેક્ટિવ ઈન સપોર્ટ ઓફ ફિશ વર્કર્સ (ICSF)

www.icsf.net
icsf@icsf.net